www.kamalamgujarat.com

Sunday
25.10.2020

*Volume :5 * Issue No. 69

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)





ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ ગુજરાતમાં ત્રણ મુખ્ય પરિયોજનાઓનું ઉદ્‌ઘાટન કર્યું

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ગુજરાતમાં ૩ મુખ્ય પરિયોજનાઓનું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી મોદીએ ખેડૂતોને ૧૬ કલાક વીજળી પૂરવઠો આપવા માટે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કર્યો છે. તેમણે અમદાવાદમાં આવેલી સિવિલ હોસ્પિટલ પરિસરમાં યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિઓલોજી એન્ડ રિસર્ચ સેન્ટર સંલગ્ન પિડિયાટ્રિક હૃદયરોગની હોસ્પિટલ અને ટેલિ-કાર્ડિઓલોજી માટે એક મોબાઈલ એપ્લિકેશનનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ઉપરાંત, પ્રધાનમંત્રીએ આ પ્રસંગે ગિરનાર ખાતે નવનિર્મિત રોપ-વેનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા તેમણે જણાવ્યું હતું કે, સામાન્ય માણસના દૃઢ સંકલ્પ અને સમર્પણ ભાવના માટે ગુજરાત હંમેશા દૃષ્ટાંતરૂપ મોડેલ રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, સુજલામ-સુફલામ અને સૌની યોજના પછી, કિસાન સૂર્યોદય યોજના દ્વારા ગુજરાતે ખેડૂતોની જરૂરિયાતોને પૂરી કરવાના દિશામાં વધુ એક સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં વીજક્ષેત્રે વર્ષોના સમયગાળામાં થયેલું કામ આ યોજનાઓ માટે આધારરૂપ બન્યું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, વીજળીના ઉત્પાદનથી માંડીને તેના વીજ પરિવહન સુધીના બધા જ કાર્યો મિશન મોડ પર કરવામાં આવ્યા છે જેથી રાજયમાં વીજક્ષમતામાં વધારો કરી શકાય. તેમણે કહ્યું કે, ૨૦૧૦માં જ્યારે પાટણમાં સૌર ઉર્જા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ત્યારે કોઈએ કલ્પના પણ નહોતી કરી કે, ભારત સમગ્ર દુનિયાને એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રીડનો માર્ગ ચિંધશે. પ્રધાનમંત્રીએ એ તથ્યની પ્રશંસા કરી હતી કે, છેલ્લા કેટલાક વર્ષોમાં સૌર ઉર્જામાં થયેલી પ્રગતિના કારણે ભારત સમગ્ર દુનિયામાં પાંચમા ક્રમે આવી ગયું છે અને હજુ સતત પ્રગતિ કરી રહ્યું છે. કિસાન સૂર્યોદય યોજના અંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, અગાઉ મોટાભાગના ખેડૂતોને સિંચાઈ માટે ફક્ત રાત્રિના સમયમાં જ વીજળી મળતી હતી અને તેમણે આખી રાત ઉજાગરા કરવા પડતા હતા. ગિરનાર અને જુનાગઢમાં ખેડૂતોને રાત્રે જંગલી પ્રાણીઓનો ભય પણ ખૂબ સતાવતો હતો. કિસાન સૂર્યોદય યોજના હેઠળ હવે ખેડૂતોને સવારે ૫ થી રાત્રે ૯ વાગ્યા દરમિયાન ૩ તબક્કામાં વીજળી મળશે અને તેમના જીવનમાં એક નવી પરોઢનો અરૂણોદય થશે. વર્તમાન પ્રણાલીમાં કોઈપણ પ્રકારે ખલેલ પાડ્યા વગર સંપૂર્ણપણે નવી વીજ પરિવહન ક્ષમતા તૈયાર કરીને આ કામ પાર પાડવામાં ગુજરાત સરકારે કરેલા પ્રયાસોની પણ પ્રધાનમંત્રીએ પ્રશંસા કરી હતી. આ યોજના હેઠળ, અંદાજે ૩૫૦૦ સર્કિટ કિલોમીટર નવી વીજ પરિવહન લાઈનો આગામી ૨-૩ વર્ષમાં પાથરવામાં આવશે અને આગામી દિવસોમાં એક હજારથી વધુ ગામડાંઓમાં તેનો અમલ કરવામાં આવશે જેમાંથી મોટાભાગના ગામડાં આદિવાસી વસ્તી ધરાવતા વિસ્તારો છે. તેમણે કહ્યું હતું કે, જ્યારે સમગ્ર ગુજરાતને આ યોજના અંતર્ગત વીજ પૂરવઠો મળશે ત્યારે, આનાથી લાખો ખેડૂતોના જીવનમાં પરિવર્તન આવશે.

પ્રધાનમંત્રીએ ખેડૂતોના રોકાણમાં ઘટાડો કરીને અને તેમને મુશ્કેલીઓમાંથી બહાર લાવીને તેમની આવક બમણી કરવા માટે, બદલાતા સમય સાથે અવિરત કામ કરવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે ખેડૂતોની આવક બમણી કરવા માટે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલ જેમ કે, હજારો FPOની રચના, નીમ કોટિંગ યુરિયા, સોઈલ હેલ્થ કાર્ડ અને અન્ય શરૂ કરવામાં આવી સંખ્યાબંધ પહેલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, કુસુમ યોજના, FPO, પંચાયતો અને તમામ આવા સંગઠનોને વેરાન જમીન પર નાના સોલર પ્લાન્ટ્સ સ્થાપવા માટે સહાયતા કરવામાં આવે છે અને ખેડૂતોના સિંચાઈના પંપ પણ સૌર ઉર્જા સાથે જોડવામાં આવી રહ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે, આનાથી ઉત્પન્ન થયેલી વીજળીનો ઉપયોગ ખેડૂતો દ્વારા સિંચાઈની કામગીરી માટે કરવામાં આવે છે અને તેઓ બાકી વધેલી વીજળી વેચી પણ શકે છે. પ્રધાનમંત્રીએ ખાસ નોંધ્યુ હતું કે, વીજળીની સાથે-સાથે ગુજરાતે સિંચાઈ અને પીવાલાયક પાણીના ક્ષેત્રમાં પણ પ્રશંસનીય કામગીરી કરી છે. તેમણે કહ્યું હતું કે, એક સમયે લોકોને પાણી મેળવવા માટે કેટલોય પરિશ્રમ કરવો પડતો હતો અને મુશ્કેલીઓ વેઠવી પડતી હતી પરંતુ આજે, એવા જિલ્લાઓ સુધી પણ પાણી પહોંચી ગયું છે જ્યાં અગાઉ કોઈએ પાણીની પહોંચવાની કલ્પના સુદ્ધા નહોતી કરી. તેમણે ગુજરાતમાં રણપ્રદેશો સુધી પણ પાણી પહોંચાડવામાં મદદરૂપ થનારી સરદાર સરોવર પરિયોજના અને વોટર ગ્રીડ જેવી પરિયોજનાઓ માટે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે નોંધ્યું હતું કે, ગુજરાતમાં લગભગ ૮૦ ટકા પરિવારોને પાઈપલાઈનના માધ્યમથી પીવાનું પાણી પહોંચી રહ્યું છે અને ટૂંક સમયમાં જ ગુજરાત એવું રાજ્ય બની જશે જ્યાં પ્રત્યેક પરિવાર સુધી પીવાનું પાણી પાઈપલાઈનના માધ્યમથી પહોંચતું હોય. તેમણે કિસાન સૂર્યોદય યોજનાનું ઉદ્‌ઘાટન થતા, ખેડૂતોને ટીપે ટીપે વધુ પાકના મંત્રનો પુનરુચ્ચાર કરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, દિવસના સમયે વીજળી પૂરી પાડવાથી ખેડૂતોને સુક્ષ્મ સિંચાઈ ઉભી કરવામાં મદદ મળશે અને કિસાન સૂર્યોદય યોજનાથી રાજયમાં સુક્ષ્મ સિંચાઈમાં વિસ્તરણ કરવામાં પણ મદદ મળી રહેશે. આજથી પ્રારંભ કરવામાં આવેલા યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, દેશમાં વિશ્વ સ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ અદ્યતન આરોગ્ય સુવિધાઓ પૂરી પાડતી બહુ જૂજ હોસ્પિટલોમાંથી એક આ હોસ્પિટલ છે અને આ સમગ્ર ભારતની સૌથી મોટી હૃદયરોગની હોસ્પિટલ છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાતે અદ્યતન હોસ્પિટલો, મેડિકલ કોલેજો અને પ્રત્યેક ગામડાંને બહેતર આરોગ્ય સુવિધાઓ અંતર્ગત આવરી લેવા માટે વિરાટ નેટવર્ક ઉભું કરવાની પ્રશંસનીય કામગીરી કરી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતના ૨૧ લાખ લોકોએ આજદિન સુધીમાં આયુષમાન ભારત યોજના અંતર્ગત વિનામૂલ્યે સારવારનો લાભ લીધો છે.

ગુજરાતમાં શરૂ કરવામાં આવેલા ૫૨૫થી વધુ જન ઔષધી કેન્દ્રોમાં સસ્તા ભાવે દવાઓ પૂરી પાડવામાં આવે છે અને આના કારણે ગુજરાતના સામાન્ય લોકોના લગભગ રૂપિયા ૧૦૦ કરોડની બચત થઈ શકી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ગિરનાર પર્વત પર મા અંબાનું પવિત્ર સ્થાનક છે. ત્યાં ગોરખનાથ શિખર છે, ગુરુ દત્તાત્રેય શિખર છે અને જૈન મંદિરો પણ આવેલા છે. તેમણે કહ્યું હતું કે, વિશ્વ સ્તરીય રોપ-વેનું અહીં ઉદ્‌ઘાટન થવાથી વધુને વધુ ભક્તો તેમજ પર્યટકો અહીં આવવા માટે આકર્ષાશે. તેમણે ઉમેર્યું હતું કે, બનાસકાંઠા, પાવાગઢ અને સાપુતારા ઉપરાંત ગુજરાતમાં આ ચોથો રોપ-વે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આ રોપ-વેના કારણે હવે નવી નોકરીની તકોનું સર્જન થશે અને લોકોની આર્થિક સદ્ધરતાની તકો પણ પ્રાપ્ત થશે. લોકોને ખૂબ જ સુવિધા પૂરી પાડતી આ પ્રણાલી લાંબા સમય સુધી વિલંબમાં પડી રહી તેનાથી લોકોને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો તેના પર પણ તેમણે પ્રકાશ પાડ્યો હતો. તેમણે પર્યટન સ્થળોના વિકાસ દ્વારા સ્થાનિક લોકોને થતા આર્થિક લાભો ગણાવ્યા હતા. તેમણે તાજેતરમાં જ બ્લુ ફ્લેગ પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે તે શિવરાજપુર બીચ, સ્થાનિક લોકોને ખૂબ જ મોટાપાયે રોજગારી પૂરી પાડનારા સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવી જગ્યાઓ પણ ગણાવી હતી. તેમણે અમદાવાદમાં આવેલા કાંકરિયા તળાવનું પણ દૃષ્ટાંત આપતા કહ્યું હતું કે, ત્યાં પહેલાં કોઈને જવું ગમતું નહોતું. પરંતુ ત્યાં નવીનીકરણ કરવામાં આવ્યા પછી, દર વર્ષે લગભગ ૭૫ લાખ લોકો આ તળાવની મુલાકાત લઈ રહ્યાં છે અને સંખ્યાબંધ લોકો માટે આ જગ્યા આવકનો સ્રોત બની શકી છે. તેમણે કહ્યું હતું કે, પર્યટન એક એવું ક્ષેત્ર છે જેમાં ઓછા રોકાણ સાથે સંખ્યાબંધ નોકરીઓની તકો ઉપલબ્ધ થઈ શકે છે. તેમણે ગુજરાતના લોકોને તેમજ સમગ્ર દુનિયામાં વસતા ગુજરાતીઓને અનુરોધ કર્યો હતો કે તેઓ ગુજરાતમાં આવેલા વિવિધ પર્યટન સ્થળોના તેઓ એમ્બેસેડર બને અને તેની પ્રગતિમાં યોગદાન આપે.






## ગિરનાર રોપ-વે

૨૪ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ગિરનાર ખાતે રોપ-વેના ઉદ્‌ઘાટન સાથે ગુજરાત ફરી એક વખત વૈશ્વિક પર્યટનના નકશા પર ઉપસી આવશે. પ્રારંભિક તબક્કે, અહીં ૨૫-૩૦ કેબિન ઈન્સ્ટોલ કરવામાં આવશે જેમાં પ્રત્યેક કેબિનની ક્ષમતા ૮ વ્યક્તિની રહેશે. ૨.૩ કિમીનું અંતર હવે માત્ર ૭.૫ મિનિટમાં જ આ રોપ-વેની મદદથી કાપી શકાશે. આ ઉપરાંત, રોપ-વેની મદદથી ગિરનારની પર્વતમાળા પર મનોરમ્ય હરિયાળીનો અદભૂત નજારો પણ માણી શકાશે.

## કિસાન સૂર્યોદય યોજના

ખેડૂતોને સિંચાઈ માટે દિવસના સમય દરમિયાન વીજળી પૂરી પાડવા માટે ગુજરાત સરકારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં તાજેતરમાં 'કિસાન સૂર્યોદય યોજના'ની જાહેરાત કરી હતી. આ યોજના હેઠળ, ખેડૂતોને સવારે ૫થી રાત્રે ૯ વાગ્યા દરમિયાન વીજ પૂરવઠો પ્રાપ્ત થશે. રાજ્ય સરકારે આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩ સુધીમાં વીજ પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માટે રૂપિયા ૩૫૦૦ કરોડનું બજેટ ફાળવ્યું છે. કુલ ૩૪૯૦ સર્કિટ કિલોમીટર (CKM) સાથે ૨૩૪ '૬૬-કિલોવોટ'ની વીજ પરિવહન લાઈનો આ પરિયોજના અંતર્ગત નાંખવામાં આવશે તેમજ ૨૨૦ KVA સબસ્ટેશનો ઉભા કરવામાં આવશે. દાહોદ, પાટણ, મહિસાગર, પંચમહાલ, છોટા ઉદેપુર, ખેડા, તાપી, વલસાડ, આણંદ અને ગિર-સોમનાથને આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ માટેની કામગીરીમાં સમાવી લેવામાં આવ્યા છે. બાકીના જિલ્લાઓને ૨૦૨૨-૨૩ સુધીમાં તબક્કાવાર આવરી લેવામાં આવશે.

## યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સંલગ્ન પિડિયાટ્રિક હૃદયરોગની હોસ્પિટલ

પ્રધાનમંત્રીએ અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ પરિસરમાં યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિઓલોજી એન્ડ રિસર્ચ સેન્ટર સંલગ્ન પિડિયાટ્રિક હૃદયરોગની હોસ્પિટલ અને ટેલિ-કાર્ડિઓલોજી માટે મોબાઈલ એપ્લિકેશનનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ હવે ભારતની સૌથી મોટી હૃદય રોગની હોસ્પિટલ બની જશે અને વધુમાં દુનિયામાં વિશ્વ સ્તરીય તબીબી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તબીબી સુવિધાઓ ધરાવતી જૂજ હોસ્પિટલોમાંથી એક તરીકે તેની ગણના થશે. આ સંસ્થાનું હાલમાં રૂપિયા ૪૭૦ કરોડના ખર્ચે વિસ્તરણ થઈ રહ્યું છે. આ પરિયોજના પૂર્ણ થઈ જશે ત્યારે અહીં બેડની સંખ્યા ૪૫૦થી વધારીને ૧૨૫૧ કરવામાં આવશે. આ સંસ્થા દેશમાં સૌથી મોટી સિંગલ સુપર સ્પેશિયાલિટી કાર્ડિયાક શિક્ષણ સંસ્થા બની જશે અને દુનિયાભરમાં સૌથી મોટી સિંગલ સુપર સ્પેશિયાલિટી કાર્ડિયાક હોસ્પિટલમાંથી એક બની જશે. આ હોસ્પિટલની ઈમારત ભૂકંપ પ્રતિરોધક બાંધકામ, અગ્નિશામક હાઈડ્રેન્ટ સિસ્ટમ અને ફાયર મિસ્ટ સિસ્ટમ જેવા સલામતીના સાધનોથી સુસજ્જ છે. આ રિસર્ચ સેન્ટર ભારતનું પ્રથમ ઓપરેશન થિયેટર સાથે અદ્યતન કાર્ડિયાક ICU ઓન વ્હીલ બની જશે જેમાં વેન્ટિલેટરની પણ સુવિધા રાખવામાં આવશે. IABP, હેમીઓડાયાલિસિસ, ECMO વગેરે ૧૪ ઓપરેશન કેન્દ્રો અને ૭ કાર્ડિયાક કેથેટ્રિઝેશન લેબ આ સંસ્થા ખાતે શરૂ કરવામાં આવશે.

# માંડવી તાલુકા પંચાયત ખાતે કચ્છમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ખેતી વિસ્તરણ અધિકારી નું સન્માન કરાયું

## તાલુકા પંચાયત પ્રમુખ રાણશીભાઈ ગઢવી દ્વારા આગામી તારીખ ૩૧ સુધી રાહત પેકેજના ફોર્મ ભરવા ખેડૂતોને અપીલ



કમલમ દૈનિક અજય ખત્રી

તાલુકા પંચાયત પ્રમુખ રાણશીભાઈ ગઢવી દ્વારા આગામી તારીખ ૩૧ સુધી રાહત પેકેજના ફોર્મ ભરવા ખેડૂતોને અપીલ માંડવી તાલુકા પંચાયત ખાતે કચ્છભરમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ખેતી વિસ્તરણ અધિકારીઓ નું સન્માન કરવામાં આવ્યું હતું. ખેડુત લક્ષી યોજનાઓનો લાભ આપવામાં ૯૫ ટકા કામગીરી પૂર્ણ કરનારા માંડવી તાલુકા પંચાયતના ખેતી વિસ્તરણ અધિકારી આર.વી.પટેલ અને નાયબ ખેતીવાડી અધિકારી શ્રી વરમોરા નું સન્માન કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત પ્રમુખ રાણશીભાઈ ગઢવીએ રાહત પેકેજના ફોર્મ આગામી તારીખ ૩૧ સુધી બાકી રહી જતાં ખેડૂતોને તેનો લાભ લેવા આહવાન કર્યું હતું. રાજ્ય સરકારે અતિવૃષ્ટિથી ઉભા પાકને નુકસાનના વળતર પેટે રાજ્યના ૨૦ જિલ્લામાં રાહત પેકેજ જાહેર કરેલ છે. એક ખેડૂતને એક હેક્ટર માટે ૧૦ હજારની સહાય અને વધુમાં વધુ ૨ હેક્ટર માટે ૨૦ હજારની સહાય તેમજ ૫૦ ગુઠા થી ઓછી જમીન ધરાવતા ખેડૂતોને પણ ઓછામાં ઓછી ૫૦૦૦ સહાય મળવાપાત્ર છે. ૧ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી અરજીઓ પોર્ટલ પર કરી શકાશે. માંડવી તાલુકામાં ૧૫૧૪૩ સર્વિસ કરેલ ખેડૂતો પૈકી આજ સુધી ૧૪૬૦૮ અરજીઓ ઓનલાઈન સબમીટ વીસી દ્વારા કરવામાં આવી છે. સબમિટ કરવામાં આવેલી અરજીઓ પૈકી ૧૧૨૩૮ અરજીઓ ગ્રામસેવક દ્વારા એપરુવલ કરવામાં આવી આવી છે. આ તમામ અરજીઓ તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા એપરુવલ કરી જિલ્લા મથકે ચૂકવણા માટે ફોરવર્ડ કરવામાં આવેલ છે. જેનું ચૂકવવું સીધેસીધું લાભાર્થી ખેડૂતના બેંક ખાતામાં જમા થાય છે. બાકી રહેતા ખેડૂતો આ યોજનાનો લાભ લેવા આગામી તારીખ ૩૧ ઓક્ટોબર સુધી પોર્ટલ પર અરજી કરી શકશે. માંડવી તાલુકા પંચાયત ખાતે આયોજિત સન્માન કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી શ્રી ગોહિલ, વિસ્તરણ અધિકારી દીપાબેન, નરેન્દ્રભાઈ શ્રીમાળી, તલાટી મંડળના પ્રમુખ રાઘવદાન ગઢવી તેમજ તલાટીઓ અને તાલુકા પંચાયતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુસ્ત ઈકોનોમીને વેગ આપવા સરકાર ત્રીજુ રાહત પેકેજ જાહેર કરશે

કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

કોરોનાના કારણે મંદીમાં ઘેરાયેલી ઈકોનોમીને વેગ આપવા માટે કેન્દ્ર સરકાર ત્રીજુ રાહત પેકેજ આપવા માટે તૈયારી કરી રહી છે.

મળતી જાણકારી પ્રમાણે આ પેકેજ ૫૦૦૦૦ કરોડ રુપિયા સુધીનુ હશે.જેમાં સૌથી વધારે ભાર નોકરીઓ વધારવા પર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલી યોજનાઓ પર મુકાશે. આ સાથે જ સરકાર ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોકનિક્સ, ટુરિઝમ સેક્ટરની કંપનીઓને રોજગારી પેદા કરવા બદલ ટેક્સ છુટ અને કેશ ઈન્સેટિવ પણ આપી શકે છે.કારણકે સરકારનુ કહેવુ છે કે, હાલમાં તમામ ધ્યાન રોજગારી વધારવા પર અને બજારમાં માંગ ઉભી થાય તેના પર આપવામાં આવી રહ્યુ છે.

સરકારે આ પહેલા પહેલા આર્થિક પેકેજમાં ૨૦ લાખ કરોડ રુપિયાની યોજનાઓ જાહેર કરી હતી.એ પછી ૪૫૦૦૦ કરોડના એક બીજા પેકેજનુ પણ એલાન કરાયુ હતુ.જોકે આ બંને પેકેજથી સુસ્ત પડેલી ઈકોનોમીમાં કોઈ ખાસ તેજી જોવા મળી નથી.હવે સરકાર ત્રીજુ પેકેજ લાવી રહી છે.સરકાર તેમાં રોજગારી વધારવા પર ભાર મુકી રહી છે પણ પેકેજની જાહેરાત બાદ જ ખબર પડશે કે રોજગારી વધવાની શક્યતાઓ કેટલી છે.



સરકારનુ જોર ૨૦ થી ૨૫ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓ પર પણ રહેશે.આ પેકેજના ભાગરુપે તેમાં ભારે રોકાણનુ એલાન થઈ શકે છે.જો ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓને અમલમાં મુકાશે તો તેના કારણે પણ રોજગારી વધશે.આ માટે સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મુકી રહી છે.

ઉદ્યોગ જગતનુ માનવુ છે કે, કન્ઝ્યુમર બેઝ કંપનીઓને પણ પ્રોત્સાહન આપાવની જરુર છે.જેનાથી મોટા પાયે નોકરીઓનુ સર્જન થઈ શકે છે.

## તંત્રી સ્થાનેથી......

ભારતે સક્રિય કેસ નોંધવાના આંકમાં ઘટાડાનું વલણ સતત જાળવી રાખ્યું છે. સક્રિય કેસ સતત બીજા દિવસે ૭ લાખ કરતા ઓછા છે અને ૬,૮૦,૬૮૦ છે. સક્રિય કેસ હવે દેશના કુલ પોઝિટિવ કેસના માત્ર ૮.૭૧% છે. સક્રિય કેસની સંખ્યા દૈનિક ધોરણે સતત ઘટાડા પર છે. જે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા લાગુ કરાયેલી કેન્દ્ર સરકારની સફળ ટેસ્ટ, ટ્રીટ અને ટ્રેક વ્યૂહરચનાનું પરિણામ છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સક્રિય કેસમાં પરિવર્તન વૈવિધ્યસભર થયું છે, જે વૈશ્વિક રોગચાળા સામેની તેમની લડતમાં વિવિધ તબક્કા સૂચવે છે. છેલ્લા કેટલાક અઠવાડિયા દરમિયાન દિન પ્રતિદિન સક્રિય કેસોમાં એક પ્રગતિશીલ ઘટાડો થયો છે. સક્રિય કેસનું ઘટતું વલણ સાજા થયેલા કેસમાં અખંડ વધારાને પૂરક છે. કુલ સાજા થયેલા કેસ ૭૦ લાખને પાર કરી ગયા છે અને ૭૦,૧૬,૦૪૬ થઈ ગયા છે. રાષ્ટ્રીય સાજા થવાનો દર ૮૯.૭૮% થયો છે. કુલ સાજા થયેલા કેસમાંથી ૬૧% કેસ મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, ઉત્તર પ્રદેશ અને દિલ્હી આ ૬ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશના છે. તાજેતરમાં સાજા થયેલા કેસની સંખ્યા નવા કેસો કરતાં વધી ગઈ છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૬૭,૫૪૯ કોવિડ દર્દીઓ સ્વસ્થ થઈ ગયા છે અને તેમને રજા આપવામાં આવી છે, જ્યારે નવા પુષ્ટિ થયેલા કેસ ૫૩,૩૭૦ છે. નવા સાજા થયેલા કેસમાંથી ૭૭% કેસ ૧૦ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશમાં કેન્દ્રિત હોવાનું મનાય છે. એક દિવસમાં ૧૩,૦૦૦ થી વધુ સાજા થયેલા કેસ સાથે મહારાષ્ટ્રએ મહત્તમ યોગદાન આપ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૩,૩૭૦ નવા પુષ્ટિ થયેલ કેસ નોંધાયા છે. નવા કેસોમાંથી ૮૦% કેસ દસ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના છે. કેરળ ૮૦૦૦થી વધુ કેસ સાથે મોખરે છે, મહારાષ્ટ્રમાં ૭૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬૫૦ લોકોના મૃત્યુ થયા છે. આમાંથી દસ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં લગભગ ૮૦% જેટલા મૃત્યુ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૮૪ લોકો મૃત્યુ પામ્યા છે.

## લોકડાઉન દરમ્યાન સમયસર દરેક હપ્તો ચૂકવનારને બેંક કેશબેક આપશે



કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

લોન મોરેટોરિયમ અંગે એક મોટા સમાચાર સામે આવ્યા છે. જો તમે લોકડાઉન દરમ્યાન મોરેટોરિયમનો લાભ લીધો નથી અને દરેક હપ્તો ચૂકવ્યો છે તો તમને બેંક તરફથી કેશબેક મળશે. કેન્દ્ર સરકારે લોન મોરેટોરિયમ દરમ્યાન વ્યાજ પર વ્યાજને લઈ પોતાના નિર્ણયની સંપૂર્ણ માહિતી આપી હતી તે દરમ્યાન આ વાત કહેવામાં આવી છે.

૨૫ માર્ટના રોજ લોકડાઉનની જાહેરાત કરાઈ હતી. લોન મોરેટોરિયમ ઘોષણા ૧ માર્ચથી ૩૧ ઑગસ્ટ સુધી લાગૂ કરવામાં આવી હતી. આ સમયગાળા દરમ્યાન લોન લેનારાઓને ઈએમઆઇ ભરવાથી રાહત આપવામાં આવી હતી. પાછળથી મોરેટોરિયમ પીરિયડ દરમ્યાન વ્યાજ પરના વ્યાજનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો અને સરકારે કહ્યું કે લોન લેનારાઓને વ્યાજ પર વ્યાજ ચૂકવવું પડશે નહીં. તેની અસર સરકારી તિજોરી પર લગભગ ૭૦૦૦ કરોડની પડશે.

આવી સ્થિતિમાં એ પ્રશ્ન થવો સ્વાભાવિક હતો કે જે લોન લેનારાઓએ લોકડાઉન જેવી કઠિન પરિસ્થિતિઓમાં પણ લોનની ચૂકવણી કરી, તેમની સાથે આવા પ્રકારનો અન્યાય થશે. એવામાં શુક્રવારના રોજ સરકારે સ્પષ્ટ કહી દીધું કે જો કોઇ લોન લેનારે મોરેટોરિયમનો લાભ ઉઠાવ્યો નથી અને હપ્તાની ચૂકવણી સમય પર કરી તો બેંકમાંથી તેમને કેશબેક મળશે. આ સ્કીમની અંતર્ગત આવા લેણદારોને ૬ મહિનાના સિંપલ લોન ઈંટ્રેસ્ટમાં ડિફરન્સનો લાભ મળશે.

સરકારે તાજેતરમાં ૨ કરોડ સુધીની લોન લેનારાઓને મોરેટોરિયમ દરમ્યાન વ્યાજ પર વ્યાજમાં માફીની જાહેરાત કરી હતી. સરકારે સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું દાખલ કરાયું હતું જેમાં એમએસએમઈ લોન, શિક્ષણ, હાઉસિંગ, ગ્રાહક, ઓટો, ક્રેડિટ કાર્ડના લેણાં અને ઉપભોગ લોન પર લાગુ ચક્રવૃદ્ધિ વ્યાજ (વ્યાજ પરનું વ્યાજ) માફ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. સરકારના જણાવ્યા મુજબ ૬ મહિનાની લોન મોરેટોરિયમ સમયમાં ૨ કરોડ રૂપિયા સુધીની લોન પરનું વ્યાજ માફ કરવામાં આવશે.

### ગાહેડ-ક્રેડાઈ દ્વારા પ્રથમ વર્ચ્યુઅલ પ્રોપર્ટી શોનું આયોજન

# રાજ્ય સરકાર 'હાઉસિંગ ફોર ઓલ - ૨૦૨૨ સ્વપ્નને ઝડપથી સાકાર કરવા કટિબધ્ધ: મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ



- ગુજરાતે શહેરીકરણના પડકારોને અવસરમાં બદલી દેશને શહેરી વિકાસનું શ્રેષ્ઠ મોડલ આપ્યું છે
- ગાહેડ-ક્રેડાઈ દ્વારા આયોજીત ૧૫માં પ્રોપર્ટી શોની શુભેચ્છા પાઠવતા મહેસૂલ મંત્રીશ્રી

કમલમ દૈનિક,

તા .૧૭ ઑક્ટોબર ૨૦૨૦ થી તા .૨૫ ઑક્ટોબર ૨૦૨૦ દરમિયાન ગાહેડ-ક્રેડાઈ દ્વારા આયોજીત ૧૫માં અને પ્રથમ વર્ચ્યુઅલ પ્રોપર્ટી શોની મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે આયોજકોને શુભેચ્છા પાઠવતા કહ્યું હતું કે રાજ્ય સરકાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'હાઉસિંગ ફોર ઓલ -૨૦૨૦' સ્વપ્નને ઝડપથી સાકાર કરવા કટિબદ્ધ છે. આજે ગુજરાતે શહેરીકરણના પડકારોને અવસરમાં બદલી દેશને શહેરી વિકાસનું શ્રેષ્ઠ મોડલ આપ્યું છે. મંત્રીશ્રી પટેલે કહ્યું હતું કે, વૈશ્વિક કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે પણ ગુજરાતે સાવચેતી અને સલામતી સાથે સતત વિકાસની દિશામાં આગેકૂચ ચાલુ રાખી છે. કોરોનાનું સંક્રમણ વધે નહીં અને વિકાસની દિશામાં નવા નવા રોકાણો થાય અને રોજગારી વધે તે હેતુથી સમગ્ર દેશમાં સૌ પ્રથમ વખત ગાહેડ-ક્રેડાઈ દ્વારા વર્ચ્યુઅલ પ્રોપર્ટી શોનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોનાના કપરા સમયમાં વિકાસના કામો અટકે નહીં તે માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ મક્કમ નિર્ધાર કરી કોરોનાની મહામારી દરમ્યાન ૧ હજાર કરોડ રૂપિયાના વિકાસ કાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા છે અને વિકાસની ગતીને જાળવી રાખી છે. મંત્રીશ્રીએ કહ્યું કે ખમીરવંતા ગુજરાતના નાગરિકો શુભ અવસરે કંઈક ને કંઈક નવીન વસ્તુમાં રોકાણના સાહસ કરતા હોય છે. નવરાત્રીના આ શુભ અવસરમાં રીઅલ એસ્ટેટમાં રોકાણ કરવાની આ સોનેરી તક છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘ દ્રષ્ટિથી જરૂરિયાતમંદોને સરળતાથી આવાસ ઉપલબ્ધ કરાવવા માટે 'હાઉસિંગ ફોર ઓલ - ૨૦૨૨'ની શરૂઆત કરવામાં આવી છે ત્યારે વર્તમાન સમયમાં આવા પ્રોપર્ટી શો થકી જરૂરિયાતમંદોને રહેણાંક પૂરા પાડી 'હાઉસિંગ ફોર ઓલ - ૨૦૨૨'નું સ્વપ્ન સાકાર થશે. રીઅલ એસ્ટેટનો દેશના આર્થિક વિકાસમાં સિંહ ફાળો રહ્યો છે ત્યારે આવા પ્રોપર્ટી શો રોકાણકારોને પસંદગીની ઉજ્જવળ તકો પૂરી પાડે છે. મંત્રીશ્રીએ કહ્યું કે, રિયલ એસ્ટેટ ક્ષેત્રે એફોર્ડેબલ હાઉસિંગને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા છે. એફોર્ડેબલ હાઉસિંગ વધુ મોટા બને તે માટે ૮૦ ચોરસ મીટર બિલ્ટ અપ એરિયાના સ્થાને ૯૦ ચોરસ મીટર સુધીના બિલ્ટ અપ યુનિટનો એફોર્ડેબલ હાઉસિંગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સમગ્ર રાજ્યમાં એક સમાન પધ્ધતિથી ચાર્જેબલ એફ.એસ.આઈ. લેવાશે તથા વ્યાજમાં પણ રાહત અપાશે. નોન ટી.પી. એરિયામાં કપાત પછી બાકી રહેતી જમીન પર જ પ્રિમિયમની માંગણી અંગે સહાનુભૂતિપૂર્વક વિચાર કરી વધુ પ્રિમીયમ ભરવું ન પડે તે માટે રાજ્ય સરકાર યોગ્ય વ્યવસ્થા કરશે. રાજ્ય સરકારે એફોર્ડેબલ હાઉસિંગ માટે ઝીરો ડીફેક્ટ, ઝીરો ઈફેક્ટના સુત્રને ધ્યાને રાખી નિર્માણ માટે ગુણવત્તાના ધોરણો નિયુક્ત કર્યા છે.

રાજ્ય સરકાર દ્વારા રીયલ એસ્ટેટ ક્ષેત્રે જી.ડી.સી.આર., ટી.પી., રેરા , રી-ડેવલપમેન્ટ પોલીસી થકી એફોર્ડેબલ હાઉસિંગનાં નિર્માણમાં ખુબ સરળતા રહે તેવા આયોજનો કર્યા છે. શહેરીકરણના પડકારોનો સામનો કરવા ગુજરાતે શહેરી વિકાસના બજેટમાં ઉત્તરોતર વધારો કર્યો છે. વર્ષ ૨૦૦૪-૦૫ માં શહેરી વિકાસ વિભાગનું બજેટ જે રૂ. ૧૨૬ કરોડથી વધારી આજે વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ . ૧૧ હજાર ૪૨૧ કરોડ રૂપિયાનું કર્યું છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાત રાજ્યના ૬ શહેરોને સ્માર્ટસિટી બનાવવા કેન્દ્ર સરકાર દ્વારા પસંદગી કરવામાં આવી છે. ઈન્ફાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, પાયાની સુવિધાઓના વિકાસ સહિતની બાબતોમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપમાં ગુજરાત અગ્રણી રાજ્ય રહ્યું છે. ગુજરાતે નવતર અભિગમ દાખવી 'ટાઉનશિપ પોલીસી' અને 'ગુજરાત સ્લમ રીહાબીલીટેશન અને એફોર્ડેબલ હાઉસીંગ નીતિઙ્ઘ જેવી નીતિઓ તૈયાર કરી છે. 'મુખ્યમંત્રી ગૃહ યોજના'ના સફળ અમલ દ્વારા જરૂરીયાતમંદ સુધી લાભ પહોંચાડ્યા છે. ગુજરાતમાં શહેરોનો ઝડપથી અને સુઆયોજીત રીતે આંતરમાળખાકીય વિકાસ કરવાના લક્ષ્ય સાથે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ છેલ્લા ૨ વર્ષમાં ૧૦૦ થી પણ વધુ ટી.પી. સ્કીમોને મંજુરી આપી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ( શહેરી ) અન્વયે અત્યાર સુધી વિવિધ ઘટકોના ૪ લાખ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતુ કે, ક્રેડીટ લીંકડ સબસીડી - પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ની અમલવારીમાં ગુજરાત રાજય દેશના અન્ય રાજયોની સરખામણીમાં અગ્ર સ્થાને છે ત્યારે ગુજરાત રાજય માટે ગૌરવની વાત એ છે કે, ઋણ આધારિત વ્યાજ સહાય યોજના (ક્રેડીટ લીંક સબસીડી) ઘટક હેઠળ ૨.૫૦ લાખ કરતા પણ વધારે લાભાર્થીઓને પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ અપાવી અન્ય રાજયોની સરખામણીમાં પ્રથમ સ્થાન પર છે. જેના માટે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજયને પ્રથમ સ્થાનથી પુરસ્કૃત કરવામાં આવ્યું છે. પ્રવર્તમાન સરકારે મહેસૂલ વિભાગ દ્વારા છેલ્લા ૩ વર્ષમાં ટેકનોલોજીના માધ્યમથી અનેકવિધ જનહીતલક્ષી અને કાંતીકારી મહેસૂલી નિર્ણયો કર્યા છે જેનો નાગરિકોએ બહોળા પ્રમાણમાં લાભ લીધો છે. મંત્રીશ્રી પટેલે ઉમેર્યું કે, મહેસુલ વિભાગ દ્વારા ચાલુ વર્ષે વિધાનસભામાં ખુબ જ અગત્યના નવા સુધારા અને નવા વિધેયકો પસાર કરવામાં આવ્યા છે આવા ક્રાંતિકારી નિર્ણયોથી રાજયમાં મહેસૂલ સંબંધિત ગુનાહિત પ્રવૃત્તિઓ અટકશે અને વિકાસ ક્ષેત્રે નવી રાહ કંડારાશે. મંત્રીશ્રી પટેલે ઉમેર્યું હતું કે, ગાહેડ-ક્રેડાઈ છેલ્લા ૧૫ વર્ષથી પ્રોપર્ટી શોનું સફળતાપૂર્વક આયોજન કરી રહ્યુ છે. જેમાં અત્યાર સુધી ૨૦૦ થી વધુ પ્રોપર્ટી ડીલર્સ ભાગ લઈ ચુક્યા છે અને સમગ્ર રાષ્ટ્રમાં સૌથી વધુ સભ્યો એટલે કે ૧૧૦૦ થી પણ વધુ સભ્યોનું પ્રતિનિધિત્વ ધરાવતું આ સંગઠન છે. રાજ્ય સરકારના સકારાત્મક અભિગમ થકી ગુજરાતના વિકાસ માટે લેવાયેલા નિર્ણયોથી આગામી સમયમાં ગુજરાતની પ્રગતિ અને નાગરિકોની સુખાકારીમાં વધારો થશે. આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં મહેસૂલ વિભાગના અધિકારીઓ, ગાહેડ-ક્રેડાઈના સભ્યો અને રીયલ એસ્ટેટ ક્ષેત્રના અગ્રણીઓ સહભાગી થયા હતા.

### વૈશ્વિક મહામારી કોરોના સંદર્ભે

# આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાની સારવાર આપવામાં અગ્રેસર સરકારી અને ખાનગી આરોગ્ય સંસ્થાના તમામને પ્રાયોરીટીના ધોરણે રસી અપાશે

- રસીકરણના અમલીકરણ માટે ડેટાબેઝ તૈયાર કરવાની પ્રક્રિયા રાજ્ય સરકાર દ્વારા શરુ કરી દેવાઈ
- કેદ્રીય આરોગ્ય સચિવ શ્રી દ્વારા રસીકરણના આયોજન માટે તમામ રાજ્યો સાથે વિડીયોકોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરાઈ




કમલમ દૈનિક,

આરોગ્ય વિભાગની યાદીમા જણાવ્યુ છે કે,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સઘન પ્રયાસ અને માર્ગદર્શનથી દેશ રસીના સંસોધનમાં અગ્રેસર છે અને બે રસી ફેઝ-૨ માં અને ત્રણ રસીનું સંશોધન અંતિમ તબક્કામાં પહોચી ગયું છે. જેથી ટૂંક સમયમાં કોવીડ-૧૯ ની રસી દેશમાં ઉપલબ્ધ થનાર છે ત્યારે રાજયમા કોરોનાની સારવાર આપવામાં અગ્રેસર સરકારી અને ખાનગી આરોગ્ય સંસ્થાના તમામને પ્રાયોરીટીના ધોરણે રસી અપાશે રસીકરણના અમલીકરણ માટે ડેટાબેઝ તૈયાર કરવાની પ્રક્રિયા રાજય સરકાર દ્વારા શરુ કરી દેવામા આવી છે. વૈશ્વિક મહામારી કોરોના સંદર્ભે રસીકરણના કાર્યક્રમ માટે કેન્દ્રીય સચિવ શ્રી અને NHMના મેનેજીગ ડાયરેકટર દ્વારા આજે તમામ રાજયો સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા સમીક્ષા કરાઈ હતી. આ બેઠકમા રાજયના આરોગ્ય કમિશ્નર શ્રી સહભાગી થયા હતા.સમગ્ર રાજ્ય જ નહિ, દેશ અને વિશ્વમાં પણ કોરોનાની મહામારી ફેલાયેલ છે. તેનાથી બચવા માસ્ક પહેરવું, વારંવાર હાથ ધોવા અને ફીઝીકલ ડિસ્ટન્સીંગ અગત્યની ભૂમિકા ભજવે છે. દેશમાંથી ઘણી બીમારીઓ રસીકરણથી નાબુદ થયેલ છે/કંટ્રોલ થયેલ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સઘન પ્રયાસ અને માર્ગદર્શનથી દેશ રસીના સંસોધનમાં અગ્રેસર છે અને બે રસી ફેઝ-૨ માં અને ત્રણ રસીનું સંશોધન અંતિમ તબક્કામાં પહોચી ગયું છે. જેથી ટૂંક સમયમાં કોવીડ-૧૯ ની રસી દેશમાં ઉપલબ્ધ થનાર છે. આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાની સારવાર આપવામાં અગ્રેસર સરકારી અને ખાનગી આરોગ્ય સંસ્થાના તમામને પ્રાયોરીટીના ધોરણે રસી આપવાનું નક્કી કરવામાં આવેલ છે અને તેના અમલીકરણ માટે ડેટાબેઝ તૈયાર કરવાની પ્રક્રિયા શરુ કરી દેવામાં આવી છે. સરકારી આરોગ્ય સંસ્થાની સાથે સાથે ખાનગી હોસ્પિટલો, કોર્પોરેટ હોસ્પિટલ, આયુષ દવાખાના અને હોસ્પિટલ, ડેન્ટીસ્ટ, જનરલ પ્રેકટીસનર (એલોપેથી/આયુષ) વગેરે તમામની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. સાથે સાથે રાજ્યની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, આંગણવાડી સ્ટાફને પણ આવરી લેનાર છે. આ કામગીરી માટે રાજ્ય કક્ષાએ મિશન ડાયરેકટર (NHM)ને નોડલ અધિકારી બનાવવામાં આવેલ છે. જયારે જીલ્લા/કોર્પોરેશન કક્ષાએ કલેક્ટરશ્રી/મ્યુનિ. કમિશ્નરને નોડલ અધિકારી બનાવવામાં આવેલ છે. રાજયના તમામ જિલ્લા/કોર્પોરેશન હેલ્થ કેર વર્કર્સનો ડેટાબેઝ તૈયાર કરવાની કામગીરી ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધીમાં સંબંધિત કક્ષાએથી કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ કામગીરીમાં રાજયના આરોગ્ય વિભાગના કર્મીઓ સાથે ખાનગી હોસ્પિટલ/સ્ટાફનો પણ સહકાર લેવામાં આવશે. ૭૦,૦૦૦થી વધુ સરકારી આરોગ્ય સંભાળ કાર્યકર્તાઓ (તજજ્ઞથી લઈ વોર્ડબોય/સ્વીપર સુધી તમામ), ૪૦,૦૦૦થી વધુ આશા બહેનો, ૧ લાખથી વધુ આંગણવાડી સ્ટાફ અને મોટી સંખ્યામાં ખાનગી આરોગ્ય સંસ્થાનો સ્ટાફ (તજજ્ઞથી લઈ વોર્ડબોય/સ્વીપર સુધી તમામ) વગેરેને આવરી લેવામાં આવશે. ભારત સરકારની ગાઈડલાઈન અને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી મળેલ માહિતીના આધારે રાજ્યના તમામ આરોગ્ય અધિકારીશ્રીઓને માહિતગાર કરવામાં આવે છે.

# હિંમતનગર લીમ્બચ માતાજી ના મંદિરે માતાજી નું નવરાત્રી આઠમનું હોમ હવન યજ્ઞ વિધિ સંપન્ન.. માતાજી ના દર્શન કરી ભક્તો ધન્ય બન્યા



કમલમ દૈનિક, અરવલ્લી

નવરાત્રી નિમિત્તે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેના નાયી વાળંદ સમાજના કુળમાં તાજી લીબચમાતાજીના મંદિરે આજે આઠમના દિવસે નવરાત્રી પૂર્ણાહુતિ અને ઘટસ્થાપન વિસર્જન નિમિત્તે ભવ્ય હોમ હવન અને હોમાત્મક યજ્ઞનુ આયોજન સમગ્ર સમાજ વતી અડાઠમ જથ નાયી સમાજ અને કેળવણી મંડળના પ્રમુખ શ્રી પ્રહલાદભાઈ નાયી અને કારોબારી સમિતી દ્વારા દર વર્ષની જેમ આજે કરવામાં આવ્યું હતું હવનના લાભાર્થી મહેશભાઈલીમ્બચીયા ઢુઢર વાળા એ લાભ લીધો હતો.આજે હવન હોમ યજ્ઞ ઉપરાંત મહાપૂજા મહાઆરતી ના સુંદર આયોજનો કરવામાં આવ્યા હતા.સરકારના આ જે નિતિ નિયમો અને શોશ્યલ ડિસ્ટન્સ સાથે માતાજી નું સુંદર હોમ હવન અને કળશ સ્થાપથ ઉથાપન વિધિ ના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા..લીમ્બચમાતાજીનો જય કાર બોલાવાયો હતો.આ પ્રસંગે સમાજના મંત્રી જીતેન્દ્ર કુમાર દશરથભાઈ પ્રભુદાસ ભાઈ મોહનલાલ દશરથલાલ નવા અને ગામે ગામથી લીમ્બચમાતાના ભક્તો એ લાભ લ?ઈ ધન્યતા અનુભવી હતી.... મંદિર ને અને માતાજી ની પ્રતિમા ને અલૌકિક રીતે શણગારવામાં આવી હતી..

# કિસાન સૂર્યોદય યોજનાથી ખેડૂતોના જીવનમાં સુખસુવિધાની સવાર થશે –વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી

## દાહોદ જિલ્લાના ખેડૂતોને દિવસે આઠ કલાક વીજળી આપવાની યોજનાનું ડિઝીટલી લોકાર્પણ કરતા વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રી દાહોદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યમંત્રીશ્રી બચુભાઈ ખાબડ અને સાંસદશ્રી જસવંતસિંહ ભાભોરની પ્રેરક ઉપસ્થિતિ






## કિસાન સૂર્યોદય યોજનાથી ખેડૂતોને દિવસે આઠ કલાક થ્રી ફેઝ વીજળી મળતા તેની વર્ષો જૂની સમસ્યાનું નિરાકરણ આવશે–મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

કમલમ દૈનિક,

દાહોદ જિલ્લાના ખેડૂતોને દિવસ દરમિયાન થ્રી ફેઝ વીજળી આપવાની મહત્વપૂર્ણ યોજના કિસાન સૂર્યોદય યોજનાનું ડિઝીટલી લોકાર્પણ કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, આ યોજનાથી ગુજરાતના ખેડૂતોને માટે સુખ અને સુવિધાનો સૂર્યોદય થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દાહોદ જિલ્લાના ખેડૂતોને સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાત સામાર્થ્યવાન લોકોની ભૂમિ રહી છે અને ગુજરાતના અનેક મહાનુભાવોએ દેશને સામાજિક તથા આર્થિક નેતૃત્વ આપ્યુછે. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવી વિભૂતિઓએ દેશ અને દુનિયાને નવી રાહ ચિંધી હતી. તે ગુજરાત આજે વિકાસકામોની નવી પહેલથી નવી રાહ દેખાડી રહ્યું છે. ગુજરાતમાં આજે લોકાર્પિત થઈ રહેલા ત્રણેય પ્રોજેક્ટ શક્તિ, ભક્તિ અને સ્વાસ્થ્યના પ્રતીક છે. ખેડૂતોના કલ્યાણ માટે ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના, સૌની યોજના બાદ હવે કિસાન સૂર્યોદય યોજના મારફત ગુજરાત ફરી એક વખત નવતર પહેલ સાથે આગળ આવ્યું છે. આ યોજના સીમાચિહ્નરૂપ બની રહેશે. કારણ કે તેમાં સર્વોચ્ચ પ્રાથમિક્તા ખેડૂતોને આપવામાં આવી છે. વીજળીના ઉત્પાદન અને વિતરણ ક્ષેત્રમાં ગુજરાતમાં વર્ષોથી જે કામ થઈ રહ્યા છે, તે આ યોજનામાં આધારરૂપ બન્યા છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત એક સમય હતો કે જ્યારે વીજળીની ખૂબ જ તંગી રહેતી હતી. ૨૪ કલાક ગૃહવપરાશન માટે વીજળી આપવી એ પડકાર હતો. છાત્રો માટે શિક્ષણની વાત હોય કે ખેડૂતોને સિંચાઈ અને ઔદ્યોગિક પ્રવત્તિ થકી આવકની વાત હોય, આ તમામ બાબતો માટે વીજળી ખૂબ જ જરૂરી છે અને વીજ પુરવઠાની તંગીને કારણે આ બધાને અસર કરતું હતું. આવા સમયે ગુજરાતમાં વીજળીના ઉત્પાદનથી લઈને તેના વિતરણ સુધીની તમામ બાબતોમાં સુદ્રઢ વ્યવસ્થા ઉભી કરવા માટે મિશન મોડમાં કામ કરવામાં આવ્યું. ગુજરાત દેશનું પ્રથમ એવું રાજ્ય હતું કે, જેમણે એક દાયકા પૂર્વે સૌરઊર્જાના ઉત્પાદન માટે નીતિ બનાવી હતી. ૨૦૧૦માં પાટણમાં વિશાળ સોલાર પાવરનો પ્રારંભ કર્યો ત્યારે કોઈ કલ્પના પણ કરી નહોતી કે ભારત સમગ્ર દુનિયાને **one sun, one world, one grid**ના રાહનું દિશા દર્શન કરશે, આજે ભારત સૌરઊર્જાના ઉત્પાદન અને તેના ઉપયોગની બાબતમાં દુનિયાના અગ્રણી દેશો પૈકી છે. છેલ્લા છ વર્ષમાં સૌરઊર્જાની બાબતમાં વિશ્વમાં પાંચમાં સ્થાને પહોંચી ગયું છે અને આ દિશામાં આપણો દેશ ઝડપથી આગળ વધી રહ્યો છે. તેમણે જણાવ્યું કે, જે લોકો કૃષિ અને ગામડા સાથે જોડાયેલા છે, તેમાંથી બહુ જ ઓછા લોકોને ખબર છે કે, ખેડૂતોને સિંચાઈ માટે બહુધા રાતે જ વીજળી આપવામાં આવે છે. રાતે પાવર મળતો હોવાથી પાકને પાણી પાવા માટે ખેડૂતોએ ઉજાગરા કરવા પડે છે. વન વિસ્તાર આસપાસ આવેલી ખેતીમાં પાણી પાવા રાતે ખેડૂતોને માથે હિંસક પાણીના હુમલાનો પણ ખતરો રહે છે. તેથી કિસાન સૂર્યોદય યોજના થકી તેમને માત્ર સુરક્ષા જ નહીં પણ, ખેડૂતો માટે સુખ અને સુવિધાનો નવો સૂર્યોદય લાવી છે. ખેડતોને રાતને બદલે સવારને બદલ થ્રી ફેઝ વીજળી મળવાની બાબત ખેડૂતો માટે નવા સૂર્યોદય સમાન છે. આ માટે નવી ટ્રાન્સમિશન વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આવનારા ત્રણ વર્ષોમાં ૩૫૦૦ સર્કિટ કિલોમિટર લાઈન ઉભી કરી તમામ ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવશે. પ્રારંભિક તબક્કે જે વિસ્તારમાં યોજના અમલમાં આવી છે, તેમાંથી બહુધા ખેડૂતો આદિવાસી વિસ્તારના છે. ખેડૂતોની આવક બમણી કરવા માટે, કૃષિ પેદાશોની પડતર કિંમત નીચી લાવવા અને કૃષિકારોની મુશ્કલી ઓછી કરવા માટે બદલતા સમય સાથે આપણે આપણા પ્રયત્નો વધારવા પડશે. ખેડૂતોને કોઈ પણ સ્થળે જણસો વેચવાની બાબતમાં સ્વતંત્રતા આપવાની હોય કે કિસાન સંગઠનના નિર્માણ, અટકી પડેલી સિંચાઈ યોજનાને પૂર્ણ કરવાની બાબત હોય કે પાક વીમા યોજનામાં સુધારો કરવા કે યુરિયાનું સંપૂર્ણપણે નિમ કોટિંગ કે કરોડો ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાની બાબત હોય, તેનું લક્ષ્ય ખેડૂતોનું કલ્યાણ છે. ખેડૂતોની મુશ્કેલીઓ ઓછી કરવા માટે સતત નવતર પહેલ કરવામાં આવી છે. અન્નદાતાને ઊર્જાદાતા બનાવવા માટે કુસુમ યોજના અમલમાં મૂકવામાં આવી છે. ખેડૂતોને સોલાર પમ્પ કે પેનલ આપવામાં આવે છે અને તેમાં ખેડૂતો સિંચાઈ પમ્પ વાપરતા વધતી વીજળી વેંચી શકે છે. ૭૦.૫ લાખ ખેડૂતોને સોલાર પમ્પ લગાવવા માટે મદદ કરવામાં આવી રહી છે. તેની ખેડૂતોને સિંચાઈમાં વીજળીની સુવિધા સાથે આવકમાં પણ વૃદ્ધિ થશે. ગુજરાતે સિંચાઈ અને વીજળી સાથે પીવાના પાણીના ક્ષેત્રમાં પણ સુંદર કામ કર્યું છે તેમ કહેતા શ્રી મોદીએ ઉમેર્યું કે, ગુજરાતના બજેટનો એક મોટો હિસ્સો પીવાના પાણી માટે વપરાતો હતો, હવે મા નર્મદાના પાણી ઘરેઘરે નળ મારફત પહોંચ્યા છે. તેમણે જનઔષધિ કેન્દ્ર, નવી મેડિકલ કોલેજના નિર્માણ સહિતની આરોગ્ય સેવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. અંતે શ્રી મોદીએ કોરોના વાયરસ સામે તકેદારી રાખવા સામાજિક અંતરના નિયમોનું પાલન કરવા, માસ્ક પહેરવા અને હાથ સેનિટાઈઝ કરતા રહેવા અપીલ કરી હતી. જૂનાગઢથી જોડાયેલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાતના વિકાસ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલા સપનાઓ સાકાર કરવામાં આવી રહ્યા છે. ભૌતિક સુવિધા, ઔદ્યોગિકક્ષેત્ર, પ્રવાસન સહિતની બાબતમાં ગુજરાત અગ્રેસર બની રહ્યું છે. તેમણે એવું પણ જણાવ્યું કે, ભૂતકાળમાં ગુજરાત માટે મહત્વની અનેક યોજનાઓને ખોરંભે પાડવા માટે પ્રયત્નો થયા હતા. ગુજરાત વિરોધી લોકોએ ગુજરાત, શ્રી નરેન્દ્રભાઈને વિકાસકામોને જશ ન મળે તે માટે રોડા નાખ્યા હતા. નર્મદા યોજના અને રોપવે અટકાવવા માટે હવાતિયા માર્યા હતા. પરંતુ, આપવા સદનસીબે શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બનતાની સાથે યોજનાની મંજૂરી ઝડપથી મળી રહી છે અને ગુજરાત વિકાસની રાહ પર આગળ વધી રહ્યું છે. શ્રી રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમણને ખાળવા માટે દિનરાત મહેનત કરવામાં આવી રહી છે. સંક્રમિત વ્યક્તિના સાજા થવાના દર ૯૦ ટકા થયો છે. મૃત્યું આંક ઘટીને સવા બે ટકા થયો છે. ટેસ્ટમાં પોઝેટિવ આપવાનું પ્રમાણ ઘટીને ત્રણ ટકા જેટલું થયું છે. કિસાન સૂર્યોદય યોજનાથી ખેડૂતોને દિવસે આઠ કલાક થ્રી ફેઝ વીજળી મળતા તેની વર્ષો જૂની સમસ્યાનું નિરાકરણ આવશે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વિકાસની રૂપરેખા આપી હતી. જ્યારે, અમદાવાદથી જોડાયેલા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સ્વાગત પ્રચવન કર્યું હતું. આ પ્રસંગે રાજયમંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે, રાજયના ખેડૂતોની વર્ષોથી માંગ હતી કે તેમને દિવસે વીજળી મળતી થાય. રાજય સરકારે ખેડૂતોની આ મહત્વપૂર્ણ જરૂરીયાતને પૂરી કરવા કિસાન સૂર્યોદય યોજના શરૂ કરી છે. જેનો આજે દાહોદની ધરતી પરથી વડાપ્રધાનશ્રીના હસ્તે શુભારંભ થઈ રહ્યો છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. આજથી દાહોદના ૬૯૨ ગામોના ૨૩૩૪૨ ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ છે ત્યારે અહીંના ખેડૂતો વિકાસ-સમૃદ્ધિની દિશામાં અગ્રેસર થશે તેમાં કોઈ બેમત નથી. આ પ્રસંગે સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશથી દાહોદના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ રહ્યાં છે ત્યારે દાહોદના ખેડૂતોને દિવસે ૮ કલાક વીજળી આપનારી કિસાન સૂર્યોદય યોજનાનું વડાપ્રધાનશ્રી દ્વારા ઉદ્ઘાટન એ આપણા સૌ માટે ગર્વની વાત છે. દેશમાં ગુજરાત રાજય જ કિસાનોને સાતત્યપૂર્ણ વીજળી આપી રહ્યું છે ત્યારે કિસાન સૂર્યોદય યોજના ખેડૂતો માટે વિકાસની નવી ક્ષિતિજો ઉઘાડનારી બનશે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર, શ્રી રમેશભાઈ કટારા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી યોગેશભાઈ પારગી, કલેક્ટર શ્રી વિજય ખરાડી, એમજીવીસીએલના એમડી શ્રી તુષાર ભટ્ટ, ચિફ એન્જીનિયર સુશ્રી સ્વાતિ પારેખ જોડાયા હતા.


## સદીઓથી ચાલી આવતી પરંપરા અનુસાર સાર માતાનામઢ આશાપુરા માતાજીના મંદિર ખાતે પતરીવિધી યોજાઈ




કમલમ દૈનિક, અજય ખત્રી

માતાનામઢ આશાપુરા માતાજી મંદિરે તેરા ઠાકોરે જીલી પતરી અશ્વિની નવરાત્રીની હવનાષ્ટમી નિમિતે માતાનામઢ ખાતે કચ્છ કુળદેવીમા આશાપુરા માતાજીના મંદિરે તેરા ઠાકોર મયૂરધ્વજસિંહ જાડેજાએ પતરી જીલી કચ્છ અને કચ્છવાસીઓની સુખાકારી માટેમા પાસે પ્રાર્થના કરી હતી. કોરોના કાળના પગલે રાજ્યના મુખ્યમંત્રી દ્વારા અપાયેલ અનુમતી બાદ સદીઓથી ચાલી આવતી પરંપરા અનુસાર સાર માતાનામઢ આશાપુરા માતાજીના મંદિર ખાતે પતરીવિધી યોજાઈ હતી. તેરા ઠાકોર મયૂરધ્વજસિંહ જાડેજાએ પતરી જીલી હતી. કચ્છ અને કચ્છના લોકો સુખી બને તેમજ કારોનાથી મુક્તિ મળે તેવી પ્રાર્થના પણ કરાઈ હતી. કોરોનાને પગલે સરકારી ગાઈડલાઈન અમલી હોઈ સીમીત લોકો જ પતરી વિધિમાં ઉપસ્થિત રહ્યા હતા. વિરભદ્રસિંહ જાડેજા, સામતસિંહ જાડેજા, સુરેન્દ્રસિંહ જાડેજા, અવનીશ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. વિધિ ભુવા દિલુભા, દેવકૃષ્ણ વાસુએ કરાવી હતી. પતરી જીલ્યા બાદ તેરા ઠાકોર સહિતનાઓએ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના આર્શીવાદ લીધા હતા. ગતરાત્રીના મઢ ખાતે હવન પણ યોજાયો હતો.

## આવકવેરાના રિટર્ન અને હિસાબ–તપાસણી અહેવાલો રજૂ કરવાની છેલ્લી તારીખ લંબાવવામાં આવી




કમલમ દૈનિક,

કોવિડ-૧૯ રોગચાળાને કારણે કાયદેસર અને નિયમનકારી નીતિનિયમોનું પાલન કરવામાં કરદાતાઓને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૦ના રોજ કરવેરા અને અન્ય કાયદાઓ (ચોક્કસ જોગવાઈઓની છૂટછાટ) વટહુકમ, ૨૦૨૦ ('વટહુકમલ્લ) બહાર પાડ્યો હતો, જે અંતર્ગત વિવિધ સમયમર્યાદાઓ લંબાવવામાં આવી હતી. ત્યારથી આ વટહુકમે કરવેરા અને અન્ય કાયદાઓ (ચોક્કસ જોગવાઈમાં છૂટછાટ અને સુધારા) ધારાનું સ્થાન લીધું છે. સરકારે ૨૪ જૂન, ૨૦૨૦ના રોજ વટહુકમ અંતર્ગત એક અધિસૂચના બહાર પાડી હતી, જે અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ (આકારણી વર્ષ ૨૦૨૦-૨૧) માટે આવકવેરના તમામ રિટર્ન ભરવા માટેની તારીખ ૩૦ નવેમ્બર, ૨૦૨૦ સુધી લંબાવી હતી. એટલે ૩૧ જુલાઈ, ૨૦૨૦ સુધી અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૦ સુધી ભરવા જરૂરી આવકવેરાના રિટર્ન ૩૦ નવેમ્બર, ૨૦૨૦ સુધી ભરવાની જરૂર છે. એના પરિણામ સ્વરૂપે આવકવેરા ધારા, ૧૯૬૧ (ધારા) અંતર્ગત કરવેરાના હિસાબી અહેવાલ સહિત વિવિધ હિસાબી અહેવાલો રજૂ કરવા માટેની તારીખ પણ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે.

આવકવેરાના રિટર્ન રજૂ કરવા માટે કરદાતાઓને વધારે સમય પ્રદાન કરવા આવકવેરાના રિટર્ન ભરવા માટેની તારીખ લંબાવીને નીચે મુજબ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે:

(એ) જેમને તેમના ખાતાઓનો હિસાબ કરવાનો જરૂરી છે એવા કરદાતાઓ માટે (તેમના પાર્ટનર સહિત) આવકવેરાના રિટર્ન ભરવા માટેની તારીખ ચજેમના માટે છેલ્લી તારીખ (એટલે કે કથિત અધિસૂચના દ્વારા લંબાવ્યા અગાઉ) કાયદા મુજબ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૦ હતી લંબાવીને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૧ કરવામાં આવી છે.

(બી) આંતરરાષ્ટ્રીય/ચોક્કસ સ્થાનિક નાણાકીય વ્યવહારોના સંબંધમાં અહેવાલ રજૂ કરવા જરૂરી હોય એવા કરદાતાઓ માટે આવકવેરાના રિટર્ન ભરવાની તારીખ ચજેમના માટે છેલ્લી તારીખ (એટલે કે કથિત અધિસૂચના દ્વારા લંબાવ્યા અગાઉ) કાયદા મુજબ ૩૦ નવેમ્બર, ૨૦૨૦ હતી લંબાવીને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૧ કરવામાં આવી છે.

(સી) અન્ય કરદાતાઓ માટે આવકવેરાના રિટર્ન ભરવાની તારીખ ચજેમના માટે છેલ્લી તારીખ (એટલે કે કથિત અધિસૂચના દ્વારા લંબાવ્યા અગાઉ) કાયદા મુજબ ૩૧ જુલાઈ, ૨૦૨૦હતી લંબાવીને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ કરવામાં આવી છે.

પરિણામે કાયદા અંતર્ગત આંતરરાષ્ટ્રીય/ચોક્કસ સ્થાનિક નાણાકીય વ્યવહારના સંબંધમાં અહેવાલ અને કરવેરાના હિસાબનો અહેવાલ સહિત વિવિધ હિસાબી અહેવાલો રજૂ કરવાની તારીખ પણ આગળ વધારીને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ કરવામાં આવી છે. ઉપરાંત નાનાં અને મધ્યમ વર્ગના કરદાતાઓને રાહત આપવા માટે ૨૪ જૂન, ૨૦૨૦ની તારીખે બહાર પાડેલી કથિત અધિસૂચનામાં પણ સ્વયં-આકારણી કરીને રૂ. ૧ લાખ સુધીની કરવેરાની જવાબદારી ધરાવતા કરદાતાઓ માટે સ્વયં-આકારણી કરીને કરવેરાની ચુકવણી માટેની તારીખ પણ લંબાવવામાં આવી હતી.

એ મુજબ, પોતાના ખાતાઓની હિસાબ તપાસણી કરવાની જરૂરિયાત ન ધરાવતા કરદાતાઓ માટે સ્વયં-આકારણી કરીને ચુકવણી કરવાની તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૦થી લંબાવીને ૩૦ નવેમ્બર, ૨૦૨૦ કરવામાં આવી છે અને હિસાબકિતાબને પાત્ર કિસ્સામાં આ તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૦થી લંબાવીને ૩૦ નવેમ્બર, ૨૦૨૦ કરવામાં આવી છે. સ્વયં-આકારણી કરીને કરવેરાની ચુકવણીની બાબતમાં નાનાં અને મધ્યમ વર્ગના કરદાતાઓને બીજી વાર રાહત આપવા સ્વયં-આકારણી કરીને કરવેરાની ચુકવણી કરવાની તારીખ અહીં એક વાર ફરી લંબાવવામાં આવી છે. એ મુજબ, સ્વયં-આકારણી કરીને રૂ. ૧ લાખ સુધીની કરવેરાની જવાબદારી ધરાવતા કરદાતાઓ માટે, સ્વયં-આકારણી કરીને કરવેરાની ચુકવણી કરવાની છેલ્લી તારીખ લંબાવીને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૧ કરવામાં આવી છે, જેમનો ઉલ્લેખ ફકરા ૩(એ) અને ફકરા ૩(બી)માં કરવામાં આવ્યો છે તથા ફકરા ૩(સી)માં ઉલ્લેખ કરવામાં આવેલા કરદાતાઓ માટે છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ કરવામાં આવી છે. આ સંબંધમાં જરૂરી જાહેરનામું હવે પછી બહાર પાડવામાં આવશે.

## માંડવીમાં કોર્ટ નો ધાક બેસાડતો ચુકાદો



### નામદાર શ્રી જ્યુડીશ્યલ. મેજી. માંડવી–કચ્છ વાળાએ ફરીયાદીની તરફેણમાં ધાક બેસાડતો ચુકાદો આપ્યો

કમલમ દૈનિક, અજય ખત્રી

આ કેસની હકીકત એવી છે કે, માંડવી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૦૬૨૨/૨૦૨૦ કલમ૩૦૭, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુનો તા.૨૦/૦૫/૨૦૧૭ ના રોજ બપોરે કલાક૧૨:૩૦થી ૨ વાગ્યા દરમિયાન નવાપુરા સાગર વાડી પાસે, માંડવી ખાતે બનેલ છે. સદર ગુનો તા.૨૦/૦૫/૨૦૨૦ ના કલાક ૨૦:૧૫ વાગ્યે દાખલ થયેલ છે. આ કામે ફરીયાદી ફાતીમાબેનવા/ઓ અબ્દુલકાદર અનવર ઉઠાર, રહે.માંડવી-કચ્છ વાળાએ ફરીયાદમાં લખાવેલ કે,ભુકંપનગરીમાં રહેતા અકબર મામદ ઉઠાર તથા તેનો ભાઈ અલ્તાફ મામદ ઉઠાર તથા ત્રીજોભાઈ અહેમદ રજા મામદ ઉઠાર આ ત્રણેય જણાએ ભેગા મળી નવાપુરા સાગરવાડી પાસે મારા પતિને ધારદાર હથીયાર વડે મારા પતિને જાનથી મારી નાખવાના ઈરાદે માથા તથા ગરદન તથા હાથના ભાગે ગંભીર ઈજાઓ કરેલ છે. તેવી ફરીયાદ પોલીસ સમક્ષ આપેલી. આ ફરીયાદ કામે પોલીસે આરોપી અકબર મામદ ઉઠારની અટક કરેલ અને આ ગુનામાં નામદાર સેસન્સ કોર્ટમાંથી જામીન મેળવેલ અને આ કામના અન્ય આરોપી નં.૨ અલ્તાફ મામદ ઉઠાર અને આરોપી નં.૩ અહેમદ રજા મામદ ઉઠાર વાળા સામે પોલીસની તપાસ દરમિયાન કોઈ આરોપી નં.૨ અને ૩ વાળા સામે ગુનો બનતો ન હોઈ જેથી પોલીસ દ્વારા આરોપી નં.૧ ના વિરૂધ્ધ ચાર્જશીટ કરેલી અને આરોપી નં.૨ અને ૩ ના વિરૂધ્ધ નામદાર જયુડી. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં "બી–સમરી" નો રીપોર્ટ મુકવામાં આવેલો અને તપાસના કામે જે જે પોલીસ દ્વારા નિવેદનો મેળવેલ છે, તેની નકલ નામદાર કોર્ટ સમક્ષ ''બી-સમરી''ના રીપોર્ટ સાથે રજુ કરેલ. ત્યારબાદ સદર કામે નામદારશ્રી જયુડી. મેજી. ફ.ક. સાહેબની કોર્ટ, માંડવી વાળા દ્વારા ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ અબ્દુલકાદર અનવર ઉઠાર નાઓને સદર કામે સાંભળવા માટે નામદાર કોર્ટ દ્વારા નોટીસ કરી હાજર થવા સુચના આપેલ. ત્યારબાદ આ કામે ફરીયાદી તથા ઈજા પામનાર નામદાર કોર્ટ સમક્ષ વકીલ મારફતે હાજર થયેલા અને "સમરી" ને લગતા વાંધા રજુ કરેલા અને નામદાર કોર્ટ સમક્ષ નિવેદન આપેલ. ફરીયાદીના વકીલશ્રી તરફથી રજુ થયેલ નિવેદનો તથા વાંધા ને નામદાર કોર્ટે ગ્રાહય રાખી પોલીસ દ્વારા "બી-સમરી" રજુ કરવામાં જે આવેલ તે નામંજુર કરવામાં આવેલ અને આરોપી નં.૨ અલ્ફાત મામદ ઉઠાર અને આરોપી નં.૩ અહેમદ રજા મામદ ઉઠાર વાળાને માંડવી કોર્ટ સમક્ષ હાજર થવાનો હુકમ કરવામાં આવેલો. વધુમાં હુકમ કરવામાં આવેલો કે, માંડવી પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૦૬૨૨/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૦૭, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ અન્વયેના ગુના કામે આરોપી અકબર મામદ ઉઠાર ની વિરૂધ્ધ રજુ થયેલ ચાર્જશીટ અન્વયે નોંધાયેલ ફોજદારી કેસ નં.૨૫૧/૨૦૨૦ ની ઈન્સાફી કાર્યવાહીમાં અલ્તાફ મામદ ઉઠાર તથા અહેમદ રજા મામદ ઉઠારને પણ આરોપી તરીકે ગણવા વધુમાં સદર આરોપીઓને અત્રેની અદાલત સમક્ષ હાજર રહેવા માટે સમન્સ ઈશ્યુ કરવો. સદર સમન્સની બજવણી અર્થે આ કામના તપાસ કરનાર અમલદાર તરફ મોકલવો તથા તપાસ કરનાર અમલદારશ્રીએ તારીખના દિવસે પોતે હાજર રહી સદરહુ આરોપીઓને અત્રેની અદાલત સમક્ષ હાજર રાખવાના છે, વધુમાં તપાસ કરનારશ્રીએ સીઆર.પી.સી.ની કલમ ૨૦૭ અન્વયે હાલના આરોપીઓને આપવાની 'કેસ કાગળ'ની નકલ પણ અત્રેની અદાલતમાં પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે. સદર ઉપરોકત કામે પોલીસ દ્વારા તપાસ કરતા જે ૨ આરોપીઓ વિરૂધ્ધ '"બીસમરી" (ગુનો બનતો ન હોય) ભરેલ હોઈ જે બાબતે નામદાર કોર્ટ, માંડવીએ ફરીયાદીની તરફેણમાં ધાક બેસાડતો ચુકાદો આપેલો. આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદીના વકીલ તરીકે ધારાશાસ્ત્રી વિપુલ ડી. કનૈયા, હેમાલી ટી. પરમાર, સઈદબીન આરબ, અલ્તાફ જી. જુણેજા, મહેશ એસ. સીજુન હાજર રહી ધારદાર દલીલો કરી હતી.

સુપ્રીમ કોર્ટમાં આગામી સુનાવણી ૨જી નવેમ્બરે યોજાશે

# દિવાળી ભેટ: લોન મોરેટોરિયમ ગાળામાં વ્યાજ પર વ્યાજની ચુકવણી કેન્દ્ર કરશે



કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

મોદી કેબિનેટે લોન મોરેટોરિયમ અંગે મહત્વનો નિર્ણય લીધો છે જેનાથી સામાન્ય લોકોની દિવાળી સુધરશે. કેન્દ્ર સરકારે લોન મોરેટોરિયમ ગાળામાં વ્યાજ પર વ્યાજની ચુકવણી કરવાની યોજનાને મંજૂરી આપી દીધી છે. જેને અર્થ એ થયો કે, સરકારે રૂ.૨ કરોડ સુધીની લોન લેનાર વ્યક્તિગત તેમજ સુક્ષ્મ, લધુ અને મધ્યમ કદના ઉદ્યોગોની લોનની આ ગાળાનું વ્યાજનું વ્યાજ કેન્દ્ર સરકાર ચુકવશે. સામાન્ય વ્યક્તિના હિતમાં નાણાં મંત્રાલયે આ નિર્ણય લીધો છે અને ગાઈડલાઈન પણ જાહેર કરી છે.

લોન મોરેટોરિયમ ગાળામાં લોન પરના સામાન્ય વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજના તફાવતની ચુકવણી હવે કેન્દ્ર સરકાર કરશે. આ અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આગામી સુનાવણી ૨ નવેમ્બરના યોજાશે. અગાઉ સુપ્રીમ કોર્ટે સુનાવણી વખતે ટકોર કરી હતી કે સામાન્ય લોકોની દિવાળી કેન્દ્ર સરકારના હાથમાં છે. સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ અશોક ભૂષણની અધ્યક્ષતા હેઠવની બેન્ચે કહ્યું હતું કે, કંઈક નક્કર પગલું લેવું જોઈએ, રૂ.૨ કરોડ સુધીનું ઋણ લેનાર માટે છૂટનો લાભ વહેલી તકે લાગુ કરવો જોઈએ. આ યોજનાનો લાભ એમએસએમઈ લોન, શૈક્ષણિક લોન, હાઉસિંગ લોન, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ લોન, ક્રેડિટ કાર્ડ ડ્યુ, ઓટો લોન, પ્રોફેશનલ્સની પર્સનલ લોન અને કન્ઝમ્પ્શન લોન લેનાર લોકોને મળશે. ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી જે લોકોની રૂ. ૨ કરોડ સુધીની અથવા તેનાથી ઓછી લોન બાકી રહેતી હોય તે આ યોજનાનો લાભ લઈ શકે છે. ૧ માર્ચથી ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ વચ્ચે જેમણે લોન મોરેટોરિયમનો લાભ લીધ હોય તેમને આ ગાળામાં વ્યાજનું વ્યાજ નહીં ચુકવવું પડે. જો કોઈ વ્યક્તિગત બોરોઅરે રૂ.૨ કરોડથી વધુની લોન લીધી હશે તો તેને આના લાભ નહીં મળે. લોન મોરેટોરિયમ નહીં લેનાર લોકોને પણ આનો લાભ મળી શકશે.

કોર્પોરેટ્સને આનો લાભ નહીં મળે, વ્યાજ પર વ્યાજની ચુકવણી માટેની યોજનાનો લાભ ફક્ત વ્યક્તિગત બોરોઅર તેમજ એમએસએમઈ લોન્સને મળશે. કેન્દ્ર સરકાર વ્યાજ પર વ્યાજનું ભારણ ઉઠાવશે. આનાથી સરકાર પર રૂ. ૬,૫૦૦ કરોડનો બોજ પડી શકે છે. સાધારણ વ્યાજ અને ચક્રવૃદ્ધુ વ્યાજ વચ્ચેના તફાવતને બેંક ગ્રાહકના ખાતામાં જમા કરશે. બાદમાં બેંક કેન્દ્ર સરકારને ગ્રાહકોને ચુકવેલા નાણાં માટેનો દાવો કરશે. લોન મોરેટોરિયમમાં ચક્રવૃદ્ધિ વ્યાજ માફ કરવાના મામલે સુપ્રીમ કોર્ટમાં ૨ નવેમ્બરના સુનાવણી યોજાશે.

# વડાપ્રધાન સોમવારે ઓઈલ અને ગેસ કંપનીઓના સીઈઓ સાથે વાતચીત કરશે



કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

પીએમ મોદી દુનિયાની દિગ્ગજ ઓઈલ અને ગેસ કંપનીઓના સીઈઓ સાથે સોમવારે વાતચીત કરવાના છે.

નીતિ આયોગ તેમજ પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા આ વાતચીતનુ આયોજન કરાયુ છે.જેમાં તે દુનિયાની ૪૫ કંપનીઓના સીઈઓ સાથે વાત કરશે.સરકારના નિવેદન પ્રમાણે આ બેઠકનો ઉદ્દેશ ભારતના ઓઈલ અને ગેસ સેક્ટરમાં વિદેશી રોકાણને આકર્ષવાનો છે.ભારત દુનિયામાં ત્રીજા નંબરનો એનર્જી વપરાશકાર દેશ છે.ઓઈલ અને ગેસની વધતી માંગને પૂરી કરવા માટે ભારતમાં ૨૦૩૦ સુધીમાં ૩૦૦ અબજ ડોલર એટલે કે ૨૧ લાખ કરોડ રુપિયાનુ રોકાણ કરવાનુ લક્ષ્યાંક છે.

આ સંદર્ભમાં બેઠક મહત્વપૂર્ણ બની રહે તેવી ધારણા છે.પીએમ મોદી ભારતીય સમય પ્રમાણે વિડિયો કોન્ફરન્સિંગથી સાંજે ૫.૩૦ વાગ્યે સીઈઓ સાથે વાત કરશે.ભારત ઓઈલ અને ગેસ સેક્ટરમાં વૈશ્વિક સ્તરે મહત્વનો રોલ અદા કરી શકે તેમ છે.ભારત દુનિયાનો ત્રીજો સૌથી મોટો ઓઈલ આયાતકાર દેશ છે.જ્યારે ગેસ આયાત કરવામાં ભારતનો નંબર વિશ્વમાં ચોથો છે.આમ આ સેક્ટરમાં વિદેશી કંપનીઓ માટે ભારતમાં રોકાણ કરવામાં સારી તકો રહેલી છે તેવુ સરકારનુ માનવુ છે.

૨૦૧૬માં પણ આ જ પ્રકારે ઓઈલ અને ગેસ કંપનીઓ સાથે કોન્ફરન્સનુ આયોજન કરાયુ હતુ.આ વખતે યોજનારી બેઠકમાં કંપનીઓને ભારતના ઓઈલ અને ગેસ સેક્ટરમાં સરકારની યોજનાઓ અને તકો અંગે જાણકારી આપવામાં આવશે.

# ૨૨ વર્ષ બાદ રોપવેમાં બેસીને અંબાજી માતાના દર્શન કરવાનો લાભ મળ્યો: રૂપાણી



કમલમ દૈનિક, ગિરનાર,

વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સ કરી જણાવ્યું હતું કે ગુજરાત માટે આજનો દિવસ મહત્વપૂર્ણ છે. વર્લ્ડ ક્લાસ રોપવે છે. જેમાં બેસીને ખુબજ આહ્લાદક અનુભવ થયો છે. ૨૨ વર્ષ પહેલા પગથિયા ચડી અંબાજીના દર્શન કર્યા હતા. આજે ૨૨ વર્ષ બાદ રોપવેમાં બેસીને અંબાજી માતાના દર્શન કરવાનો લાભ મળ્યો છે. ૧૦ મિનિટમાં ગિરનારની ટોચ પર પહોંચી માતાજીના દર્શન કરી શકાય છે. આજના પવિત્ર દિવસે માતાજીના દર્શન કરવાનો લાભ મળ્યો ખૂબ ધન્યતા અનુભવું છું. સૂર્યોદય યોજના મુદ્દે જણાવ્યું કે ખેડૂતોનો મહત્વનો પ્રશ્ન રાત્રે લાઈટ મળે તે હતો. જેથી ખેડૂતોની આ મુશ્કેલીનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

સાથે જ જણાવ્યું હતું કે ડુંગળીના ભાવ ન વધે તે માટે સરકાર ચિંતિત છે. કોંગ્રેસ ચૂંટણીમાં હાર ભારી ગઈ છે. કોલર ટ્યુનમાં ક્યાંય પ્રચાર નથી ક્યાંય મારૂ નામ નથી. લોકો સજાગ રહે તે માટે કોલર ટ્યુન છે. કોંગ્રેસ પ્રજા પાસે જઈ શકે તેમ નથી માટે ખોટા વિવાદો કરે છે. મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે ખેડૂત, ખેતી અને ગામડું સમૃદ્ધ કરવા માટે સરકાર કામ કરી રહી છે. કિસાન સૂર્યોદય યોજના મારફત ૧૦૫૫ ગામડાંના ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવશે. PM નરેન્દ્ર મોદીની જ્યોતિગ્રામ યોજનાને કારણે ગુજરાત ૨૪ કલાક વીજળીથી ઝળહળી રહ્યું છે. આ સરકાર ખેડૂતોની સરકાર છે.

તેમણે રોપવે મુદ્દે જણાવ્યું હતું કે રોપવે મારફત વધુ ને વધુ લોકો ગિરનારનાં દર્શન કરે એ માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ડોળીવાળા ભાઈઓને પણ યાદ કરું છું.

લાખો લોકોને દર્શન કરાવવા એ પુણ્યનું કામ છે, સાથે જ જણાવ્યું હતું કે કોરોનાના કાળ વચ્ચે પણ વિકાસ આગળ વધતો રહે એ માટે તેઓ કામ કરી રહ્યા છીએ. આપણાં સપનાં પૂર્ણ થઈ રહ્યાં છે, એટલે અમે તમારો આભાર માનીએ છીએ. ગુજરાત હંમેશાં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે જે માર્ગ બતાવ્યો એ માર્ગ પર જ આગળ વધી રહ્યું છે.



**સોમનાથ મંદિર પરીસરમાં શાંતિ દૂત કબુતરો મોટી સંખ્યામાં ચણ ચણતા હોય છે અને ઉડા–ઉડ કરતા હોય છે. પરંતુ આ કોરોના મહામારીને કારણે યાત્રીકોની સંખ્યામાં મોટાપાયે ઘટાડો થયેલ છે. જેથી મંદિર પરિસર ખાલી જોવા મળે છે. પરંતું આ કબૂતરો સોમના મંદિર પરીસરમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. જે તસ્વીરમાં નજરે પડે છે.**

# રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી શા માટે પીડિત પરિવારને મળ્યા નહી: જાવડેકર



કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

પંજાબમાં બિહારના શ્રમિક પરિવારની છ વર્ષની બાળકી પર કથિત બળાત્કાર અને હત્યાને લઈને ભાજપે સત્તાધારી પક્ષ કોંગ્રેસ પર પ્રહાર કર્યો છે. ભાજપે કોંગ્રેસને આડેહાથ લેતા જણાવ્યું કે શા માટે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા હજી સુધી પંજાબમાં પીડિતાના પરિવારની મુલાકાત લેવા નથી પહોંચ્યા. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે રાહુલ અને પ્રિયંકા પર આક્ષેપ કર્યો કે તેઓએ ઉત્તર પ્રદેશની ઘટનામાં હાથરસની રાજકીય મુલાકાત લીધી હતી. જાવડેકરે સવાલ કર્યો કે શા માટે રાજસ્થાન અને પંજાબમાં આ પ્રકારની ઘૃણાસ્પદ ઘટના છતા હજી સુધી કોંગ્રેના બન્ને નેતાઓએ કોઈ નિવેદન કર્યું નથી. કેન્દ્રીય મંત્રીએ આક્ષેપ કર્યો કે આ નેતાઓ આવા સ્થળે તસવીરો ખેંચાવવાની તક છોડતા નથી.

પંજાબના ટંડામાં બિહારના દલિત પરિવારની છ વર્ષની બાળક પર બળાત્કાર કરાયો હતો અને બાદમાં તેની હત્યા કરી દેવામાં આવી હતી. કોંગ્રેસ તરફથી અત્યાર સુધીમાં ફક્ત પૂર્વ કેન્દ્રીય મંત્રી વિજય સંપલાએ પીડિતા સાથે વાત કરી હતી. મંત્રીએ વધુમાં જણાવ્યું કે કોંગ્રેસ સત્તામાં છે તે રાજ્યોમાં તેમને મહિલા વિરુદ્ધ કોઈ અત્યાચાર થતા નથી દેખાતા. રાહુલ, પ્રિયંકા કે કોઈ કોંગ્રેસના નેતા હાલ ત્યાં ગયા નથી અને કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ પણ કોઈ ટિપ્પણી આપી નથી. બિહાર વિધાનસભા ચૂંટણીમાં આરજેડી અને કોંગ્રેસના ગઠબંધન પર નિશાન સાધતા જાવડેકરે જણાવ્યું કે આરજેડીના નેતા તેજસ્વી યાદવ પણ એવા લોકો સાથે પ્રચાર કરી રહ્યા છે જેઓ મહિલા પર અત્યાચાર સામે ચૂપ રહે છે. પંજાબના ટંડામાં ઘટેલી હિચકારી ઘટનામાં દોષીતો સામે કડક પગલાંની માંગ કેન્દ્રીય મંત્રીએ કરી હતી.











કમલમ દૈનિક,

રાજ્ય કક્ષા નાં વન અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી. રમણ ભાઈ પાટકર એ કપરાડા વિધાનસભા ની પેટા ચૂંટણી અંતર્ગત કપરાડા વિધાનસભા વિસ્તાર માં આવેલ વાવર જીલ્લા પંચાયત વિસ્તાર નાં સુથારપાડા , વડોલી , વિગેરે ગામો માં ખૂબ મોટી સંખ્યા માં ઉપસ્થિત લોકો ને સરકાર ની આદિવાસીઓ માટે નાં વિકાસ થાય તેવી અનેક યોજનાઓ ની માહિતી આપી. વાવર જીલ્લા પંચાયત નાં ચૂંટણી ઈન્ચાર્જ ધારાસભ્ય અરવિંદ ભાઈ પટેલે ( ધરમપુર ) દરેક ગામો માં પ્રાસંગિક પ્રવચન કરેલ અને વાવર જીલ્લા પંચાયત માં આવતા તમામ બુથો માં ભાજપ ને વિજયી બનાવવા અપીલ કરેલ , મંત્રીશ્રી. સાથે ભાજપ અગ્રણી મહેશ ભાઈ ભટ્ટ ( વાપી ) , જિલ્લા પંચાયત નાં સભ્ય પરેશ ભાઈ પવાર , હેમંત ભાઈ કંસારા , જયદીપસિંહ સોલંકી (પૂર્વ પ્રમુખ ન.પા. ધરમપુર ) , જયેશ ભાઈ રાવ , ભાવુરામ કામળી , સુરેશ ભાઈ ભગરે , માજી પ્રમુખ રમેશ ભાઈ ગાવીત , સરપંચ શ્રીઓ જીવલા ભાઈ , વાવર , દતુંભાઈ , માલઘર , ચંદર ભાઈ , બારપૂડા , ચિતાભાઈ , પાંચવેરા , કાંતું ભાઈ , હુડા , ઉકાજીભાઈ , ગિરનારા , લક્ષમણ ભાઈ , વડોલી , તુકારામ ભાઈ , શાહુડી , સોમાભાઈ , પીપળસેત , સદુ ભાઈ , કુકુનિયા વિગેરે ઉપસ્થિત રહેલ .

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028